**<u>રે.દિ.દરખાસ્ત નં.૧૩/૨૬.</u>**

**<u>–:: આંક–૧ લગત હુકમ. ::–</u>**

(૧) દરખાસ્ત વાદીએ હાલની દરખાસ્ત, દરખાસ્ત પ્રતિવાદી સામે રે.દિ.મુ.નં.–૪૦૧/૨૧ નાં કામે થયેલ હુકમની અમલવારી કરવા માટે કરેલ છે.

(૨) હાલની દરખાસ્ત દાખલ કરતાં દરખાસ્ત પ્રતિવાદીને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલી, જે તેઓને યોગ્ય રીતે બજી જવા છતાં હાજર ન રહેતાં, દરખાસ્ત વાદી દવારા આંક–૬ થી દરખાસ્ત પ્રતિવાદી વિરુધ્ધ જપ્તી વોરંટ કાઢી આપવા અરજી કરતા જે અત્વેની અદાલત દવારા મંજુર કરવામાં આવતાં દરખાસ્ત પ્રતિવાદી વિરુધ્ધ જપ્તી વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ જે વગર બજયે પરત ફરેલ છે. ત્યારબાદ તા.૨૩–૬–૨૦૨૬ નાં રોજ ફરી દરખાસ્ત પ્રતિવાદી વિરુધ્ધ જપ્તી વોરંટ ઈસ્યુ કરતાં તે પણ વગર બજયે પરત ફરેલ છે. ત્યારબાદ તા.૧૩–૭–૨૦૨૬ નાં રોજ દરખાસ્ત પ્રતિવાદી વિરુધ્ધ જપ્તી વોરંટ ઈસ્યુ કરવામાં આવતાં બેલીફશ્રી દવારા સદર જપ્તી વોરંટ નીલ રોજકામ કરી પરત કરેલ છે. ત્યારબાદ સદર કામ અરજદાર પક્ષે સાંભળવા માટે મુલતવી રાખવામાં આવેલ. ત્યારબાદ આજરોજ તા.૧૯–૦૮–૨૦૨૬ નાં રોજ પણ અરજદાર પક્ષે કામ સાંભળવા મુલતવી રાખવામાં આવેલું હોવા છતાં દરખાસ્ત વાદી હાજર નથી, જયારે તેમના વકીલશ્રી હાજર રહેલા છે અને નીલ રોજકામ જપ્તી વોરંટ માં થયેલ હોય જેથી હાલની દરખાસ્ત વિઘડ્રો થઈ શકે તેમ ન હોય હાલની દરખાસ્ત ડીસ્મીસ કરવા જણાવેલ હોય જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

- આથી હાલની દરખાસ્ત સી.પી.સી. ઓર્ડર–૨૧ રુલ–૧૦૫ અન્વયે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવામાં આવે છે.
- હુકમ આજરોજ તારીખ ૧૯ મી માહે–ઓગષ્ટ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ : જુનાગઢ

તારીખ:**૧૯–૦૮–૨૦૨૬**

**(ગૌરવકુમાર સોમાભાઈ દરજી)**

એડીશ્નલ સિનીયર સીવીલ જજ,

જુનાગઢ.

કોડ નં. જી.જે. ૦૧૪૭૫